૬૦૧ / ૩,૬૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
# સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] (રવિવાર, ૧૮ જુલાઈ, ૨૦૦૪) [કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### (વિભાગ - ૧ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)

**પ્ર.૧ નીચેના કોઈપણ બે વિષય વિષે શાસ્ત્રનાં ત્રણ પ્રમાણ આપો.** ૬

૧. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એક અને અદ્વિતીય.
૨. ગુણાતીત સંતનો મહિમા પરમહંસોનાં પદોમાં.
૩. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે સંત.
૪. અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની સ્વામી-સેવકભાવે ઉપાસના

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** ૫

૧. ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા બ્રહ્મ દેખાય જ નહિ.
૨. जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
૩. 'અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જૈસા બન્યા હૂં.'
૪. 'પરબ્રહ્મ પૂરણ પુરુષોત્તમ, સ્વામિનારાયણ સુમરાની.'
૫. 'સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતી રે.'

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** ૪

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ઉત્પત્તિસર્ગનો સાચો ક્રમ કયો છે?
(અ) પરબ્રહ્મ→અક્ષરબ્રહ્મ→અક્ષરપુરુષ+મહામાયા→પ્રધાનપુરુષ
(બ) વિરાટપુરુષ→બ્રહ્મા→કશ્યપ પ્રજાપતિ→મરીચ્યાદિક પ્રજાપતિ
(ક) પરબ્રહ્મ→અક્ષરપુરુષ+મહામાયા→વિરાટપુરુષ→પ્રધાનપુરુષ
(ડ) વિરાટપુરુષ→બ્રહ્મા→મરીચ્યાદિક પ્રજાપતિ→કશ્યપપ્રજાપતિ





૨. પરમેશ્વરની આજ્ઞાથી કયા અવતાર+દેવો કયાં સ્થાનોમાં રહ્યા છે ?
(અ) બ્રહ્મા-કૈલાસ
(બ) નિરન્નમુક્ત-શ્વેતદ્વીપ
(ક) ઈન્દ્ર-અમરાવતી
(ડ) વિષ્ણુ-ગોલોક

**પ્ર.૪ નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (બારેક લીટીમાં)** ૪

૧. ઢોલિયા નીચે સંતાયેલા યજ્ઞપુરુષદાસ અચાનક બહાર નીકળ્યા.
૨. લાલજી ભક્તને રામાનંદ સ્વામીએ ઠપકો આપ્યો.
૩. કબૂતરના કબૂતર રહ્યા.

**પ્ર.૫ કોઈપણ બે વિષે વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. ધામમાં અને પૃથ્વી ઉપર-બન્ને ઠેકાણે સદા સાકાર.
૨. સર્વોપરીપણાની નિષ્ઠા આવશ્યક.
૩. પ્રગટભક્તિનો મહિમા.
૪. અક્ષરબ્રહ્મ ધામરૂપે અને અક્ષરબ્રહ્મ સચ્ચિદાનંદ ચિદાકાશ તેજરૂપે.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** ૮

૧. શ્રીજીમહારાજે રાવણાદિક અસુરોનો સંહાર નો'તો કર્યો, છતાં પરમહંસો તેમને ભગવાન માનતા.
૨. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'આ તો જોગીનું કામ છે. મારું કહ્યું તો એ જ ફેરવી શકે.'
૩. ઉત્તમ ભક્ત થવા માટે પ્રમુખસ્વામી મહારાજની સેવા કરવી જોઈએ.
૪. શ્રીજીમહારાજને સર્વ કર્તા-હર્તા સમજવા જરૂરી છે.

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યોની પૂર્તિ કરો.** ૮

**(ઉપાસનામાં શું સમજવું ?)**

૧. શ્રીજીમહારાજ પૂર્ણ ... ... ... ... દિવ્ય છે.
૨. પરબ્રહ્મ ... ... ... ... અદ્વિતીય છે.
૩. અક્ષરબ્રહ્મ એક જ ... ... ... ... રૂપે રહે છે.
૪. અક્ષરબ્રહ્મ પણ ધામમાં ... ... ... ... નિર્ગુણ કરી મૂકે છે.
૫. આ લોકમાંથી અંતર્ધાન ... ... ... ... પ્રગટ છે.

**(ઉપાસનામાં શું ન સમજવું ?)**

૧. પુરુષોત્તમનારાયણ ... ... ... ... જેવા છે, તેમ ન સમજવું.

૨. મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ... ... ... ... તેજ છે, તેમ ન સમજવું.

૩. વચનામૃતાદિ ... ... ... ... શકાય છે, તેમ ન સમજવું.

પ્ર.૮ ટૂંકનોંધ લખો : અક્ષરપુરુષોત્તમ યુગલ ઉપાસના ૫

**(વિભાગ-૨ સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ)**

**પ્ર.૯ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''પૂર્વે આપણે બૈરાં-છોકરાં સારુ ઘણા જન્મમાં નાક-કાન કપાવ્યાં હશે.''

૨. ''તમો ઈચ્છા કરો, તો વરસાદ થાય ને ગોમતી ભરાય.''

૩. ''જાત મહેનત કરીએ ! હરામનું ખાવું નહીં.''

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** ૬

૧. મહારાજે કાઠીઓને કહ્યું, 'ઘરે આમ બગાડો છો ?'

૨. રાજાએ બ્રાહ્મણોનો વેરો માફ કર્યો.

૩. મુક્તાનંદ સ્વામીને મહારાજે ધરમપુર મોકલ્યા.

૪. આત્મસ્વરૂપ સ્વામીને અનુભવ થયો કે સત્પુરુષને ભાષાનાં બંધન હોતાં નથી.

**પ્ર.૧૧ નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. લાલજી ભક્ત નિષ્કુળાનંદ બન્યા. **અથવા**
શિવલાલ શેઠની સંયમી વૃત્તિ

૨. નો મની, આઈ હેવ ગોડ ! **અથવા**
ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ.

**પ્ર.૧૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. માંદગીના બિછાનેથી ગોપાળાનંદ સ્વામીએ કોના સામું દૃષ્ટિ રાખવાની વાત કરી ?

૨. મહારાજના રોકાણ દરમ્યાન કુશળકુંવરબાએ મહારાજની આરતી કેટલી વાર ઉતારી ?

૩. પર્વતભાઈને કયા બે દુકાળ પડ્યા ?

૪. શિવલાલ શેઠ કેવી રીતે ધ્યાન કરતા ?

૫. કોના ત્યાગ કરતા મુક્તાનંદ સ્વામીની લાજ ચઢે ?





૬. પ્રમુખસ્વામી મહારાજે વાસદ ગામમાં ઉપવાસ અને બીમારીમાં કેટલી પધરામણી કરી ?

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** ૬

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીની પ્રશંસા કયા કયા વચનામૃતમાં કરી છે ?
(અ) ગ. પ્ર. ૫૮ (બ) સારંગપુર. ૩
(ક) લો. ૩ (ડ) ગ. અં. ૨૪

૨. રઘુવીરજી મહારાજની વિશેષતાઓ
(અ) આખા વરતાલમાં એક રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને ઓળખ્યા.
(બ) શ્રીજીમહારાજ કહેતા, 'ધર્મકુળમાં રઘુવીરજી જેવા કોઈ નથી.'
(ક) તેમની ત્યાગની છટા પણ મહારાજના જેવી જ હતી.
(ડ) રઘુવીરજી મહારાજનો સમાગમનો ખપ ભીમનાથના રાંકા જેવો હતો.

૩. નિષ્કુળાનંદ સ્વામી
(અ) 'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથ બનાવ્યો.
(બ) ગઢડા મંદિરની ઘુંમટીઓની કમાનો બનાવી.
(ક) સંવત ૧૮૨૨ની વસંતપંચમીના દિવસે જન્મ થયો.
(ડ) 'સહજાનંદ હરિ, પ્રગટ થયા સહજાનંદ હરિ...' કીર્તન રચ્યું.

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૪ નીચેના કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** ૨૦

૧. 'યોગીજીનો શુભ સંકલ્પ આજ, સુફળ કરે ગુરુ પ્રમુખસ્વામી મહારાજ, સંત સાતસોનો દિવ્ય સમાજ, વિચરી રહ્યો દેશ-વિદેશે આજ.'

૨. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના વિસ્તારક - પ્રમુખસ્વામી મહારાજ

૩. સામાજિક ઉત્થાનમાં બાળપ્રવૃત્તિનો ફાળો.

✿ ✿ ✿